


# WF President in India

**November 2024**

WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફરે તાજેતરમાં મુંબઈ, ઇન્ડિયાની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે કોમના વડાઓને મળ્યા, મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની તપાસ કરી અને સ્થાનિક પહેલને ટેકો આપવા માટે ભાગીદારી મજબૂત કરી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલી આ મુલાકાતમાં કોમના વિકાસ અને કલ્યાણ માટે મહત્વપૂર્ણ શૈક્ષણિક, આવાસ અને હેરિટેજ પ્રોજેક્ટ્સ સાથે મુંબઈની આસપાસના વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રમુખએ કોમની રૂહાની વિકાસ શેત્રોમાં પણ હાજરી આપી હતી.

## 1st November 2024

### સય્યદ એહમદઅલી આબેદી સાહેબ સાથે મુલાકાત

અલ મુન્તઝર એકેડમી અને ધ વર્લ્ડ ફેડરેશનના ઇસ્લામિક એડયુકેશન સેક્ટર વચ્ચે સહયોગની તકો અંગે ચર્ચા કરવા માટે મુંબઈમાં આયતુલ્લાહીલ ઉઝમા સય્યદ અલ-સિસ્તાની સાહેબ ના વકીલ - સય્યદ એહમદઅલી આબેદી સાહેબ સાથે મુલાકાત કરી. WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફરે યુનિવર્સિટીના અભ્યાસક્રમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંયુક્ત શૈક્ષણિક કાર્યક્રમોની સંભવિતતાની સમીક્ષા કરી જે સમગ્ર પ્રદેશના વિદ્યાર્થીઓને લાભ કરશે.

# ડોંગરીની મુલાકાત



સાંજે, અલ્હાજ સફદર જાફરે ડોંગરીની મુલાકાત લીધી, જ્યાં WF ટીમે સાંકડી, ખળભળાટવાળી ગલીઓના કારણે ચાલીને અને મોટરસાઇકલ દ્વારા હેરિટેજ સ્થળોની અન્વેષણ કરી. તેઓએ ઐતિહાસિક મુલ્લા કાદરની મેહફીલ અને જમાત દ્વારા સંચાલિત છોકરાઓની શાળાની મુલાકત લીધી. આ જગ્યાઓ વધારવા અને આસપાસમાં છોકરીઓની શાળા જેવી નવી પહેલો પર ચર્ચા કરી.



# આરામબાગ (ખોજા કબરસ્તાન)



આરામબાગ (ખોજા કબરસ્તાન) ખાતે મુંબઈ જમાતના ઓફિસ બેરર્સ સાથે

WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફરે બાદમાં આરામબાગ કબ્રસ્તાનની મુલાકાત લીધી, જ્યાં તેમણે કોમના વડાઓને માન આપ્યો અને કોમના લાભ માટે સુવિધાઓ વધારવા માટેની તકોની સમીક્ષા કરી. આરામબાગ કબરસ્તાનને કેવી રીતે અપગ્રેડ કરવામાં આવ્યું છે અને ખાસ કરીને કબરાસ્તાનમાં ખોજા વોલ જેને જોઈને આપણે ચિંતન કરીએ છીએ કે કેવી રીતે મુંબઈના અરામબાગમાં દફનાવવામાં આવેલી અગ્રણી હસ્તીઓની કુરબાની દ્વારા આપણે આ કોમ તરીકે વિકસિત થયા છીએ.




ખોજા કબ્રસ્તાન ખાતે સ્થાપિત ખોજા વોલ પરના અવલોકનો

# KSI જમાત સ્ટુડન્ટ ફેલિસિટેશન પ્રોગ્રામ




સાંજનું સમાપન KSI જમાતનું સ્ટુડન્ટ ફેલિસિટેશન પ્રોગ્રામમમાં હાજરી સાથે થયું, જે શૈક્ષણિક સિદ્ધિઓને પ્રકાશિત કરતી અને કોમની પ્રગતિમાં મુખ્ય યોગદાન આપનારાઓને સન્માનિત કરતી એક ઇવેન્ટ હતી. આ કાર્યક્રમમાં આગા આબેદી, મુંબઈના ઉલમાઓ અને અગ્રણી વ્યાવસાયિકો સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોમાં રેઝા કાબુલ હતા, જેઓ ઇન્ડિયા અને મીડડલ ઈસ્ટના અગ્રણી આર્કિટેક્ટ્સમાંના એક છે. બિગ ફોર ફર્મ્સમાંના એકમાં ભાગીદાર હસનૈન શ્રોફે પણ હાજરી આપી, જેમણે કોમમાં શિક્ષણને આગળ વધારવા માટે વિવિધ ક્ષેત્રોના વડાઓનું સમર્થન અને પ્રતિબદ્ધતા પર ભાર મુક્યો.



# 2nd November 2024

## મુંબઈ જમાતના વડાઓ સાથે બેઠક

WF પ્રમુખે મુંબઈ જમાતના વડાઓ સાથે વિવિધ ચાલુ અને ભાવિ પહેલો, ખાસ કરીને હાઉસિંગની ચર્ચા કરવા માટે મુલાકાત કરી. પાલઘરમાં હાઉસિંગ પ્રોજેક્ટ્સના વિસ્તરણ પર કેન્દ્રિત મુખ્ય ચર્ચાઓ, જે શહેરના હાઉસિંગ પડકારોને આસાન કરવા માટેનું એક નિર્ણાયક પગલું છે. તેઓએ કોમમાં સુવિધાઓ અને સંસાધનોને સુધારવા જે WF ના લક્ષ્યો સાથે સંરેખણ સુનિશ્ચિત કરે એ બાબત પર વિચાર કર્યું.

## એમએમ વેલી, મુંબ્રા ખાતે નવા ખોજા કબ્રસ્તાનની મુલાકાત



ત્યારબાદ અલ્હાજ સફદર જાફરે ગુસ્લ ખાના સહિત તેની નવી વિસ્તૃત સુવિધાના ઉદ્ઘાટન માટે મુંબ્રા કબ્રસ્તાનની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં સંસદસભ્ય જિતેન્દ્ર આહવાડ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી, જેમણે આ પહેલને ટેકો આપવામાં ભાગીદાર છે.




WFપ્રમુખને આયતુલ્લાહીલ ઉઝમા સય્યદ અલ-સિસ્તાની સાહેબ ના વકીલ - સય્યદ એહમદઅલી આબેદી સાહેબ સાથે.નવી ખોજા વોલનું અનાવરણ કરવાનું સન્માન પણ મળ્યું હતું જે ઇન્ડિયાની બીજી સૌથી મોટી ખોજા વોલ છે.

## 3rd November 2024

### પાલઘર હાઉસિંગ પ્રોજેક્ટ



અંતિમ દિવસ પાલઘર હાઉસિંગ પ્રોજેક્ટની ઓપિનિન્ગ હતી, જે મરહુમ મુલ્લા અસગરની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી કરે છે અને ૨૦૨૬માં WFની ૫૦મી વર્ષગાંઠ સુધી પૂર્ણ કરવાનો હેતુ ધરાવે છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ, જે ૧૦૦ હકદાર પરિવારોને આવાસ પ્રદાન કરશે, જે જીના મોહમ્મદ અલીની પત્નીએ તેમના મર્હુમ પતિ મોહમ્મદ અલી રૂપાણીની યાદમાં જમીન દાન કરી છે.

મર્હુમ મુલ્લા અસગરના વારસા અને ભૂતકાળના કોમના વડાઓના યોગદાનને પ્રતિબિંબિત કરતા, WF પ્રમુખે પ્રકાશિત કર્યું કે કેવી રીતે આ પ્રોજેક્ટ હાઉસિંગ પડકારોનો કાયમી ઉકેલ રજૂ કરે છે, દાનમાં આપેલી જમીન દ્વારા ખર્ચના ૭૦% આવરી લઈને લાભાર્થીઓ પરના નાણાકીય બોજને નોંધપાત્ર રીતે ઘટાડે છે.



પાલઘર હાઉસિંગ પ્રોજેક્ટનો ગ્રાઉન્ડ બ્રેકિંગ સમારોહ